## પ્રકરણ - (૬)

## પ્રાચીન શિલાલેખો, કલામંડપો તેમજ નૃત્તમૂર્તિઓમાં અભિનય

નાટ્યશાસ્ત્ર પૂર્વે તેમજ તેની સમાન્તરે રચાયેલા સાહિત્યમાં જેમ નટ, નાટક, નૃત્ય, અભિનય સંબંધી વિભિન્ન ઉલ્લેખો મળે છે તેમ ઇ.સ. પૂર્વેના પહેલા શતકથી ત્રીજા શતકના ગાળામાં લખાયેલા શિલાલેખો તેમજ કલામંડપો અને નૃત્તમૂર્તિઓમાં પણ અભિનયના તત્વો દૃષ્ટિગોચર થાય છે. પુરાતત્વ ખાતાએ વિવિધ સ્થળોએ કરેલા ખોદકામથી જે પ્રાગૈતિહાસિક તેમજ ઐતિહાસિક અવશેષો મળી આવ્યા છે તેમાં વિવિધ કલામંડપો તેમજ નૃત્તમુર્તિઓનો સમાવેશ થાય છે.

શિલાલેખોમાં નટ, નાટક તેમજ તેની ભજવણીનો ઉલ્લેખો પ્રત્યક્ષરુપે મળી આવતા હોવાથી તેના વિશે પ્રથમ ચર્ચા કરી પછી કલામંડપો અને નૃત્તમૂર્તિઓ તપાસવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે જે અસંગત નહી લેખાય.

### પ્રાચીન શિલાલેખો

કલિંગના રાજા ખારવેલ અને અશોકના શિલાલેખોના ઉલ્લેખો રાજાઓ નાટકમંડળીઓને અને જાહેર જલસાઓને ઉત્તેજન આપતા હોવાનું સૂચવે છે. ખારવેલનો સમય ઇ.પુ.૧૬૦ ના અરસાનો ગણાયોછે જ્યારે અશોકનું રાજ્યારોહણ ઇ.સ.પૂ. ૨૭૩-૭૨ માં મૂકાય છે. ખારવેલમાં હાથીગુફા લેખની પાંચમી પંક્તિમાં 'સમાજ' નો ઉલ્લેખ છે.

'ગંધર્વવેદબુધો દંપનતગીતવાદિત સંદસનાહિં ઉસવસમાજકા રાપનાહિ ચ કીડાપયતિ નગરો.'

ગાંધર્વવેદ જાણનાર દંપ (તેનો અર્થ સ્પષ્ટ નથી) નૃત્ય, ગીત અને વાદિત્ર બતાવી ઉત્સવ સમાજ કરાવી નગરીને વિનોદ કરાવે છે.

અહીંયા રાજાને ગાંધર્વવેદનો જાણકાર અર્થાત્ સંગીતમાં નિપુણ કહયો છે. નૃત્ય, ગીત, વાદિત્ર વગેરેના જલસા કરી ઉત્સવ અને સમાજ પણ કરાવે છે. અહીં સમાજનો અર્થ

'સંગીત અને નાટક માટે ભેગા થતા નટો અને નાગરિકોની સભા' અને આ સંબંધથી 'રંગભૂમિ' એવો પણ થઇ શકે.

અશોકના શિલાલેખમાં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે.

ન ચ સમાજો કતડવો । બહુકં હિ દોસં સમાજહિ પસન્તિ
દેવાનં પ્રિયો પ્રિયદસિ રાજા । અસ્તિ પિતુ એકચા સમાજા
સાધુમતા દેવાનં પ્રિયસ પ્રિયદસિનો રજ્જો ।

સમાજ ન કરવો. દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા સમાજમાં બહું દોષ જુએ છે. પણ એક પ્રકારના સમાજ છે કે જેને દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા સારા ગણે છે.

આમાં બે પ્રકારના સમાજનો ઉલ્લેખ છે. એક તે ખાવપીવાના પ્રાણી હિંસાજનક સમાજ કે જેનો અશોક મહારાજ પ્રતિબંધ કરે છે અને બીજો તે જેના વડે નૃત્ય, ગીત, વાદિત્ર, નટકલા ઇત્યાદિ લલિતકલાઓને પોષણ મળે એવો સમાજ જેનો અશોક સ્વીકાર કરે છે. આ 'સમાજ'માં જેને આપણે નાટક કહીએ છીએ તે ભજવાતાં હોવાનું અનુમાન થઇ શકે. આમ અશોકના સમયમાં અને તે પહેલાં નાટકો જાણીતા હશે અને 'સમાજ'માં નાટકો ભજવાતા હશે એમ નિ:શંકપણે તારવી શકાય.

## પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક કલામંડપો

પ્રાગૈતિહાસિક કાળની ગુફાઓના ખોદકામથી જે કલા સામગ્રી પુરાતત્ત્વજ્ઞ વિદ્વાનોને મળી આવી તેના અભ્યાસના આધારે નિ:શંકપણે કહી શકાય કે આદિ કાળથી મનુષ્યને લલિત કલાઓમાં રુચિ હતી. મોહન-જો-દરો અને હરપ્પાના અવશેષોમાં માટી અને કાંસાની કેટલીક મૂર્તિઓ મળી આવી છે જેમાં નૃત્ય કરતી તન્વગી યુવતી કોતરેલી કાંસાની મૂર્તિ વિશેષ ઉલ્લેખનીય છે, જે હાલ, નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવામા આવી છે. ગળામાં હેંસુલી તથા ડાબા હાથના કાંડા ઉપર ઠેઠ કોણી સુધી ચૂડીઓ ધારણ કરેલી આ નર્તકી પોતાની કમર પર હાથ રાખેલી મુદ્રામાં છે. લય, ભંગિમાથી યુક્ત આ મૂર્તિ પ્રાગૈતિહાસિક કાળમાં નૃત્યકળાના વિકાસનું સૂચન કરે છે.

લોથલ (સુરત પાસે) મિર્ઝાપુર, પટણા, કાઠિયાવાડ, ઉદયગિરિ અને મહાબલીપુરમ્ આદિ પ્રાગૈતિહાસિક સ્થળોના ખોદકામથી મળી આવેલી કળાસામગ્રીમાં નાટ્ય તેમજ અભિનય સંબંધી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. ઉપલબ્ધ નૃત્યમુદ્રાઓ જોવાથી જણાય છે કે કોઇ ખાસ વ્યાવહારિક પ્રયોજન માટે પણ તેનો ઉપયોગ થતો નૃત્ય સંકેત ધ્વારા ભાવ તથા આશય પ્રગટ કરવાની પ્રવૃત્તિ આદિમ માનવ સંસ્કૃતિના પ્રતીક સમા શિશ્નનૃત્યોમાં પણ જોવા મળે છે. ભાવ અભિવ્યક્તિના સાધન રુપે હસ્તમુદ્રાઓનો ઉપયોગ પ્રાગૈતિહાસિક કાળ જેટલો જૂનો જણાય છે.

સીતાબેંગા તથા જોગીમરાની ગુફાઓના ખોદકામથી મળી આવેલા કલાખંડો - શિલાલેખો, ચિત્રો તથા અભિનય માટે બનાવવામાં આવેલ નાટ્યશાળાઓથી સભર છે. આ ગુફાઓમાં મળી આવેલા શિલાલેખો તેનો સમય ઈ.સ.પૂર્વે ૩૦૦ ની આસપાસનો સૂચવે છે. આ ગુફાઓ સરગુજા રાજ્યના પહાડો પર બની હતી. આ ગુફાઓમાં જે શિલાલેખ મળી આવેલા છે તે પ્રેક્ષાગાર હોવાનું વિધ્વાનો માને છે.

## નૃત્ત મૂર્તિઓમાં અભિનયકળા

વિવિધ આંગિક મુદ્રા તેમજ હસ્તમુદ્રાઓ ધ્વારા ભાવ અભિવ્યક્તિ સાધવાની પ્રવૃત્તિ મૂર્તિકલામાં જોવા મળે છે. જે સાધન વડે અથવા જે માધ્યમ વડે મનોભાવોને વ્યંગ્યાત્મક રીતે રજુ કરવામાં આવે તેને ભંગિમા કહી છે. નૃત્તમૂર્તિઓમાં ભંગિમાના વિવિધ ભેદ મળી આવે છે, જેમ કે સમભંગ, અભંગ, ત્રિભંગ તથા અતિભંગ. ઉપરાંત 'ભાવ'ના પ્રતીકરુપ વિવિધ આસનોની યોજના પણ જોવા મળે છે. ચક્રાસન, પદ્માસન, કૂર્માસન, મયુરાસન, કુક્કુટાસન, વીરાસન, સ્વસ્તિક આસન, ભદ્રાસન, સિંહાસન અને ગોમુખ આસન વિગેરે. અભિનયકળામાં આ પ્રકારના પ્રતીકોનું વિશેષ મહત્વ છે. અભિપ્રેત વિષયને પ્રતીકો અથવા સંકેતો ધ્વારા અભિવ્યક્ત કરવાનો અભિનયનો ઉદ્દેશ્ય છે. નૃત્ત મૂર્તિઓમાં આવા સંકેતો કુશળતાપૂર્વક પ્રયોજાયા છે. જેમ કે વિષ્ણુ માટે શંખ-ચક્ર-ગદા-પદ્મ, કામદેવ માટે ધનુષ્ય-બાણ, ઈન્દ્ર માટે અંકુશ-ધ્વજ,

બલરામ માટે હળ-વિક્રમ, શિવ માટે ત્રિશૂળ-ડમરુ, પરશુરામ માટે પરશુ-ધનુષ, સરસ્વતી માટે વીણા-પુસ્તક, બ્રહ્મા માટે કમણ્ડલ-સુવા-પદ્મ, લક્ષ્મી માટે કમળપુષ્પ તથા કૃષ્ણ માટે મોરલીના પ્રતીકો યોજાયા છે. પ્રાચીન મંદિરોમાં દેવી દેવતાઓની અનેક નૃત્તમૂર્તિઓ મળી આવે છે. વિભિન્ન નૃત્ય મુદ્રાઓ ધારણ કરેલી આ મૂર્તિઓ ઉપાસના, આરાધના અને ભક્તિભાવનાનું પ્રતીક છે.

પ્રાચીન રાજાઓમાં શિશુનાગ અને નન્દ યુગ (ઇ.સ. પૂર્વે ૭૨૫-૩૨૫) ના રાજાઓના સમયમાં બનેલી યક્ષ-યક્ષિણિઓની આદમકદ વિશાળ પ્રતિમાઓ ભારતીય મૂર્તિકળાના ઇતિહાસના સૌથી પ્રાચીન સીમાચિહ્નો છે. આ પ્રતિમાઓમાં દર્શાવાયેલી ભાવમુદ્રાઓ અભિનયકળાની પ્રાચીનતા સૂચવે છે. તેના શિલ્પીઓ અભિનયકળાના જાણકાર જણાય છે.

સમ્રાટ અશોકના સમયમાં (ઇ.સ. પૂર્વે ૩૦૦) બનેલી યક્ષ-યક્ષિણિઓની પ્રતિમાઓ તેમજ મૌર્યયુગમાં બનેલી ભગવાન બુદ્ધના જીવન સંબંધી પ્રતિમાઓમાં મુદ્રાઓ દ્વારા ભાવાંકનની વિલક્ષણ પ્રવૃત્તિ જોવા મળે છે.